અરજી નં.૩૪૭ તા.૨૦–૨–૦૯

અરજદારઃ શ્રી ઠાકોરભાઈ પરભુભાઈ બેજનવાલા
સામાવાળાઃ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી આઈ ડી. નં.૩૧૮ તા.૧–૧૨–૦૮ની શ્રી ઠાકોરભાઈ પરભુભાઈ બેજનવાલાની અરજીથી મોજે અડાજણમાં આવેલ રે.સ. નં.૪૧૭,૪૧૮ પૈકી ફા.પ્લોટ નં.૧૧૪, ૧૧૬ પૈકીમાં જેને ટીપી સ્કીમ ૧૧ લાગુ પડે છે તે જમીનમાં " જય જનતાનગર" માં અને હાલ "હેતલનગર" ના નામથી ઓળખાતી સોસાયટીમાં બાંધવામાં આવેલા પ્લોટો(રહેણાંક) ના પ્લોટો એસ એમ. સી તરફથી મંજુર પ્લાન મુજબ બાંધકામ કરવામાં આવેલા છે કે કેમ? જો કાયદેસર બાંધકામ થયેલ ન હોય યાને મંજુર પ્લાન મુજબ બાંધકામ કરેલ ન હોય તો તે ગેરકાયદેસર બાંધકામ તોડવામાં આવેલ કેમ નથી? બીયુસી ઈમ્પેકટ ફી ભરી હોય તો તેની નકલ અને કેટલું ગેરકાયદેસર બાંધકામ છે વિગેરેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૦–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૪૭/૨૦૦૮–૦૯

શ્રી ઠાકોરભાઈ પરભુભાઈ બેજનવાલાની આઈ ડી. નં.૩૧૮ તા.૧–૧૨–૦૮ની અરજીથી મોજે અડાજણમાં આવેલ રે.સ. નં.૪૧૭,૪૧૮ પૈકી ફા.પ્લોટ નં.૧૧૪, ૧૧૬ પૈકીમાં જેને ટીપી સ્કીમ ૧૧ લાગુ પડે છે તે જમીનમાં " જય જનતાનગર" માં અને હાલ "હેતલનગર" ના નામથી ઓળખાતી સોસાયટીમાં બાંધવામાં આવેલા પ્લોટો(રહેણાંક) ના પ્લોટો એસ એમ. સી તરફથી મંજુર પ્લાન મુજબ બાંધકામ કરવામાં આવેલા છે કે કેમ? જો કાયદેસર બાંધકામ થયેલ ન હોય યાને મંજુર પ્લાન મુજબ બાંધકામ કરેલ ન હોય તો તે ગેરકાયદેસર બાંધકામ તોડવામાં આવેલ કેમ નથી? બીયુસી ઈમ્પેકટ ફી ભરી હોય તો તેની નકલ અને કેટલું ગેરકાયદેસર બાંધકામ છે વિગેરેની માહિતી આપવા બાબતે બીયુસી ઈમ્પેકટ ફી અને ગેરકાયદેસર બાંધકામની માહિતી તથા દસ્તાવેજો પુરા પાડવામાં આવેલ ન હોય નારાજ થઈ લગભગ દિન–૨૦ ના વિલબંથી એપેલેટ ઓફિસરને તા.૨૦–૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૫૮ તા.૭–૩–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક માહિતી મળેલ નથી.

અરજદારની તા.૧–૧૨–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી સામે દિન–૨૦ ના વિલંબથી કરેલ અપીલમાં બીયુસી ઈમ્પેકટ ફી ભરી હોય તો તેવી માહિતીની નકલ કેટલું ગેરકાયદેસર બાંધકામ છે તેની વિગત તથા દસ્તાવેજોની યોગ્ય માહિતી દસ્તાવેજોની અપીલમાં માંગણી કરેલ છે.જે મુળ અરજીથી વધારાના પ્રશ્નો ઉપસ્થિત કરી માંગણી કરેલ છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આરટીઆઈ/આન.૨૩૪ વેસ્ટઝોન તા.૨૯–૧૨–૦૮ થી સદર સોસાયટીના પ્લાન બી એસ આર નં.૮૦૨ તા.૭–૧૦–૮૧ થી મંજુર કરવામાં આવેલ હોવાની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સદર મિલ્કત પ્લાન મુજબ છે કે નહીં? કે તેના બાંધકામ તોડવામાં અવેલ છે કે કેમ? તેની માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. પરંતુ તે અંગે ઉપલબ્ધ રેકર્ડની જ માહિતી આપવાની થાય છે તેવું જણાવેલ છે. તે ધ્યાને લેતાં અરજદારે માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારીના દફતરે નહીં હોવાનું માનવાને કારણ રહે.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારને તેમની તા.૧–૧૨–૦૮ ની અરજી બાબતે માંગવામાં આવેલી માહિતી સામે અપીલ લગભગ દિન–૨૦ ના વિલંબથી કરવામાં આવેલ છે જેથી પ્રથમદર્શીય અપીલ અરજી દફતરે કરવા જોગ છે. પરંતુ આરટીઆઈ કાયદાના હાર્દને ધ્યાને રાખી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ઉપરોકત નહીં પૂરી પડાયેલ માહિતી બાબતે સબંધિત દફતરની તપાસણી દિન–૭ માં અરજદારને પૂરી પાડવા અને અરજદાર માંગે તે દસ્તાવેજો મુળ અરજીના સંદર્ભમાં અત્રેની જાણ હેઠળ પુરી પાડવા જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન અને ઝોનલચીફને જણાવવામાં આવે છે. અરજદારની સમય મર્યાદા બહારની અપીલ અરજી ધ્યાને લેતાં દફતરી તપાસણી તથા નકલ અંગે કાયદાની કલમ –૭(૧) ૭(૩) તથા નિયમ–૫ હેઠળ ભરવાની થતી ફી અરજદારે ભરપાઈ કરવાની રહેશે.

અરજદાર અપીલ અરજીમાં બીયુસી ઈમ્પેકટ ફી અને દસ્તાવેજો અંગે ઉપલબ્ધ કરેલ મુળ અરજીથી અલાયદા પ્રશ્નો અંગે લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૩ –૦૯.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) ... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ઠાકોરભાઈ પરભુભાઈ બેજનવાલા